Saarth E-Journal

**Saarth** E-Journal of Research

E-mail : sarthejournal@gmail.com
www.sarthejournal.com

ISSN NO : 2395-339X
Peer Reviewed
Vol.8 No.21

Impact Factor
Quarterly
Jan-Feb-Mar 2023

# તૂટતા જતા ગ્રામ્યજીવનની વાર્તા
# ‘માટીવટો’

પુષ્પાબેન એ. પટેલ
પીએચ.ડી., શોધાર્થી,
શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટી, ગોધરા,
માર્ગદર્શક શ્રીઃડૉ. જૈમિનિકુમાર એન. શાસ્ત્રી

## પ્રસ્તાવના

‘સાચું ભારત તેના ગામડાંમાં વસે છે’, એવું ગાંધીવિધાન ગ્રામસમાજને એક વિશિષ્ટ સંદર્ભે જોવાનું જણાવે છે. ગાંધીજી ગામડાંના વિકાસમાં જ ભારતનો વિકાસ જોતા, પરંતુ એ પૂર્વેથી ગ્રામસમાજ સાહિત્યમાં આલેખાતો આવ્યો છે.

ગામડાં વિશેના આપણે ત્યાં રંગદર્શી ખ્યાલો છે એટલે કે ગામડું અસલ જીવનનો પર્યાય છે. ત્યાં અનીતિ નથી, ગંદકી નથી, બધા સાચુકલા લોકો છે, ત્યાં સ્નેહ છે, પ્રકૃતિ છે, મારા-તારાનો ભેદ નથી, ત્યાં પ્રકૃતિનું સામ્રાજ્ય છે, નદી-તળાવો ભરેલા છે ને ડુંગરો હરિયાળા છે અને પંખીઓ ગીત ગાયા કરે છે. આ બધી રંગીન કલ્પનાઓ છે. ગામડામાં આ બધું જે રીતે હોવું જોઈએ તે રીતે નથી. ગામડું એટલે પછાતપણું એવી એક માન્યતા આપણામાં ઘર કરી ગઈ હતી. તો બીજી તરફ ગામડું એટલે બધું જ કુદરતી, ચોખ્ખું અને સારું સારું હોય એવી માન્યતા પણ હતી. આ બંને માન્યતા ખોટી છે. ગામડું આ બેની વચ્ચે રહેલું છે. ગાંધીયુગના સાહિત્યમાં ગામડું પહેલીવાર આવિષ્કાર પામે છે.

સમયની સાથે ગામડાં પણ બદલાતા રહ્યાં છે. આ બદલાતા સમયની તાસીર પણ આપણી ગ્રામચેતનાની ટૂંકીવાર્તાઓ ઝીલે છે. ગ્રામચેતના એટલે ગામડાં એના અસલ રંગો સાથે ઉજાગર કરે તે. ગ્રામચેતના એટલે માત્ર સારી સારી વસ્તુ જ નહિ પણ ત્યાં વસતા મનુષ્યો અને પ્રકૃતિની સર્વાંગીણ વાતો ઉપર ઊઠતી અને અનુભવાતી એક વિશિષ્ટ ચેતના છે. ગ્રામચેતનાના આલેખનથી સાહિત્યમાં એક નવો પ્રવાહ ઉભરી આવે છે. સાહિત્યમાં ખાસ કરીને ટૂંકી વાર્તામાં દસમા દાયકામાં અને તે પછીના સમયમાં આ ગ્રામચેતનાકેન્દ્રી વાર્તાઓનું સર્જન-લેખન વિશેષ

પ્રમાણમાં થયું છે. આવી વાર્તાઓ ભાષાની દ્રષ્ટિએ જુદી પડી આવે છે, એનો પરિવેશ જુદો છે, એને આલેખવાની દષ્ટિ પણ જુદી છે.

## 'માટીવટો'

અનુઆધુનિક વાર્તાપ્રવાહમાં આગવું સ્થાન પામી શકે તેવી વાર્તા 'માટીવટો' છે. મણીલાલ હ. પટેલ તળપદ જીવનના સર્જક છે. ઘર, માટી, સીમ, વગડો, ગામ, વતન, સમાજ તેમના રુધિરમાં વહે છે. વાસ્તવિકતાની ભોંય પર જીવાતા જીવનની કથા એટલે 'માટીવટો'.

જે માટીથી દેહનો પિંડ બંધાયો તેનાથી અળગા થવાની વેદનાની અભિવ્યક્તિ આ ટૂંકી વાર્તામાં થઈ છે. શહેરમાં રહેતા વાર્તાનાયક વીરુને મોટાભાઈ પત્ર લખીને જૂનું ઘર છેલ્લીવાર જોઈ લેવા અને કચવાતા માના મનને શાંત કરવા માટે વતન આવી જવાનું જણાવે છે. તોંતેરની સાલમાં મહી નદીમાં પૂર આવતાં તબાહ થયેલાં જૂના ઘરોથી એક માઈલ દૂર નવી વસાહતો ઊભી થાય છે. વીરુના મોટાભાઈ પણ ત્યાં નવું ઘર બનાવતાં હોવાથી જૂનું ઘર ખાલી કરતા હોય છે. જૂના ઘરનો કાટમાળ નવા ઘરમાં ખપમાં લેવાનો છે. નવા ઘરમાં રહેતા જવાનું સીતામા સિવાયના તમામ પરિવારજનો ઈચ્છે છે, પણ સીતામાનો જીવ ઘર ત્યજવા તૈયાર નથી. સીતામાનો ઘર પ્રત્યેનો લગાવ જુઓ-

"પેણીને આઈ તાર ચેગ્યે આ ઘર કરેલું. મીં જાતે તગારાં ભરી-ભરીને માટીગારા ઊંચકેલા, ભેંત્યો થાપેલી ને ઓયડા ઉતારેલા... ભાઈએ ભાગ પબ્યા તાણેંય આ ઘર ભાગ આયેલું... મોટા દાદા જુદા થયા, પછીય કાકાએ ભાગ માગેલો ને એય જુદા ગયા, પણ આ ઘર આપણે ભાગે, મારો જીવ જ આ ઘરમાં... મારે તો આ જ મારાં અડસઠ તીરથ ને આ આંગણું જ મારું હરગ... આ ઘર તો મારું ખોળિયું સે બેટા! " (પૃ. ૭૭)

અહીં માણસને 'ઘર' અને 'ખોળિયું' જાણે પર્યાય બની રહે છે. અહીં ઘર એટલે પથ્થર, માટી ગારથી બનેલું ઘર જ નહીં પરંતુ પરિવારના હૂંફ, પ્રેમ, સ્નેહ, હર્ષ, આંસુ, ચડતી-પડતીનું સાક્ષી- એવું જીવંત પાત્ર સમું ખડું થતું ઘર સમગ્ર વાર્તામાં પ્રધાનપાત્ર હોય એવું અનુભવાય છે.

વતન આવવા નીકળેલા વીરુની આંખો સામે ઘર અને બાળપણ તરી આવે છે. મા એટલે બાપુજીના મોટાભાઈના પત્ની સીતામાએ બંને ભાઈઓના સંતાનોને ઉછેર્યા હતા અને કેટકેટલી યાતનાઓ વેઠીને ઘર કર્યું હતું તે યાદ આવે છે. વતન આવેલો વીરુ જૂની વસાહતો અને જૂના ઘરને જોઈને દુઃખી થાય છે, માને તે જિદ્દ છોડી દેવાનું કહે છે અને પ્રેમથી સમજાવે છે કે-

'મા ક્યાં છે ગામ! કશું જ બચ્યું નથી. કાળ તાણી ગયો બધું. મા મહીસાગર જોતી રહી. એય સૂકાઈ ને સંકોડાઈ ગઈ છે. જે હાથમાં નથી તે સાથમાં ક્યાંથી! જીવ બાળીને રાખ ના કર. ચોથી પેઢીએ દીવા પ્રગટ્યા છે- એના અજવાળાં અખંડ રહે એવી આશિષ આલજે મા! તેં તો આખો જન્મારો તેલ ઉંજ્યાં ને ઘૂ પૂર્યા. હવે, છેલ્લી વખતે જિદ્દ શાની?' (પૃ. ૫૨-૫૩)

વીરુના આ લાગણીભીના શબ્દો માના હ્દયને સ્પર્શી જાય છે. વીરુની વાતને મા માની લે છે.

ગ્રામીણચેતના પ્રગટાવવા ગામ સાથેનો સર્જનનો નાતો કેવો આત્મીય છે તે આપણને આ વાર્તામાં જરૂર અનુભવાય છે. અહીં યોજાયેલી ભાષા અપૂર્વ છે.

અહીં વીરુ અને સીતામાના પાત્રો સહૃદય વાચકોના હ્દયમાં ઊંડી લાગણી જન્માવે છે. વીરુ વતનથી દૂર રહેતો હોવા છતાં વતન સાથે જોડાયેલા સંસ્મરણોને ભૂલી શકતો નથી, તો સીતામાએ જે ઘર બનાવવામાં પોતાના સ્નેહનું સિંચન કર્યું હતું તે ઘરને છોડતાં તીવ્ર દુખ અનુભવે છે અને તેજ ઘરની માટીમાં પોતાનો દેહ છોડી દે છે. વાર્તાકારે અહીં ઘર જેવી સ્થૂળ વસ્તુને પણ એક પાત્ર તરીકે આલેખ્યું છે તે નોંધપાત્ર છે.

આ વાર્તામાં આવતા વર્ણનોમાં પણ તળપદું વાતાવરણ અનુભવાય છે. અહીં આવેલું ઘરનું વર્ણન, બસ-સ્ટેન્ડનું વર્ણન, મહી નદીના પૂર સમયનું વર્ણન, ખાલી થતા ઘરનું વર્ણન, મા એ વર્ણવેલ લગ્ન-મરણ જેવા પ્રસંગોનું વર્ણન જેવા વિવિધ વર્ણનોમાં જાનપદી તત્વ જોવા મળે છે. ઉદાહરણ તરીકે...

"રાતીગારથી લીંપેલી ભીંતોવાળું ઘર, ભોંય-તળિયે મોટી મોટી ઓકળિયો, માના હાથનું હેત એમાંથી જાણે પગને અડકે કે અંદર પેસે, કાળજે જઇ બેસે. મોટી ચોપાડ, મક્તાવાળું ત્રીજ્યું ભેંત્યું, લાંબી પડસાળ, આગળ પાછળ બબ્બે રસોડાની ઓરડીઓ, વિશાળ વાડો, ઢોરભર્યું આંગણું, સામે ત્રિભેટો કૂવો, ઘરને કરેથી નીકળે ધોરી વાટ, ગામના નાક જેવું, પેસતાં જ પાધરું ઘર..." (પૃ. ૪૮)

અહીં તાદશ્યતા સાથે ઊર્મિમયતા કેવી ઓગળી ગઇ છે તે આપણને ઉત્પ્રેક્ષામાં માણી શકાય છે.

સીતામા વીરુને જૂના ઘરમાં બનેલા પ્રસંગો યાદ કરીને બતાવે છે અને ચોપાડમાં જ તેમની કાયા ઢળી પડે છે અને વીરુ તેમની ચિતાને અગ્નિદાહ આપે છે.

સર્જકે અહીં વાર્તાના બે અંત આપ્યા છે. પ્રથમ અંતમાં ખાલી થતા જૂના ઘરથી દૂર થવાની પીડામાં માનું મરણ થાય છે જ્યારે બીજા અંતમાં બેભાન થયેલી મા અને જૂના ઘરની માટીને સાથે લઇને વીરુ નવા ઘર તરફ જાય છે.

મા અને વીરુની મનઃસ્થિતિની ગતિ જ એવી વણેલી છે કે વાર્તાન્તે માનું ઢળી પડ્યા પછી મા બબડતા-બોલતા દર્શાવ્યા છે. અહીં તૂટતા જતા ગ્રામ્ય જીવનનું હૃદયસ્પર્શી નિરૂપણ થયું છે. ડૉ. દિલાવરસિંહ જાડેજાએ યોગ્ય રીતે 'માટીવટો' ને જયન્ત પાઠકના 'વનાંચલ' સાથે સરખાવી છે.

ગ્રામીણ... તળપદ બોલીનો સાર્થક વિનિયોગ વાર્તાને વાસ્તવિકતાને કલાત્મકતા બક્ષે છે.

આમ, 'માટીવટો' એ મણિલાલ પટેલની ગ્રામચેતનાને ઉજાગર કરતી વાર્તા છે.

## ઉપસંહાર

પ્રસ્તુત વાર્તા 'માટીવટો' એક વ્યતીત માટેની તીવ્ર ઝંખના એક રાગ, એક આસક્તિ, એક ભક્તિ લેખે ભૂમિ વસ્તુ કે વ્યક્તિ સાથે સંકલિત અને કળાકૃતિ રૂપે મૂર્ત થાય ત્યારે પરિણતિ રસપ્રદ બને... સાથે ઉન્મૂલિત થવાની દશા કેટલી દયનીય...! એમ, રાધેશ્યામ શર્મા ખૂબ અભ્યાસુ નજરથી નોંધે છે. ('ઉદ્દેશ', ઓક્ટોબર ૧૯૯૪)

## સંદર્ભસૂચિ


- 'રાતવાસો' : મણિલાલ હ. પટેલ, આર. આર. શેઠની કંપની, પ્રથમ આવૃત્તિ, જાન્યુઆરી ૧૯૯૪.
- 'મણિલાલ હ. પટેલની વાર્તાસૃષ્ટિ': સંપાદક માય ડિયર જયુ, પાર્શ્વ પબ્લિકેશન: અમદાવાદ પ્રથમ આવૃત્તિ:૨૦૦૫.
- ગ્રામચેતનાની નવલિકાઓ, સં. રઘુવીર ચૌધરી, રમેશ ર. દવે, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ,પુનઃમુદ્રણ-૨૦૦૧.